# આપણું યુજીવીસીએલ

અંક-૧૪, જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૨



# યુજીવીસીએલે ફરી ઈતિહાસ સર્જ્યો

## ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી ગોલ્ડશિલ્ડ એનાયત







શ્રી વજુભાઇ વાળા, માનનીય કેબિનેટ મંત્રી, નાણા, શ્રમ અને રોજગાર, વાહનવ્યવહાર, શ્રી સૌરભભાઇ પટેલ, માનનીય રાજ્ય કક્ષાના મંત્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, તથા શ્રી ડી.જે. પાંડિયન, અધ્યક્ષ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને અગ્રસચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા કંપનીના ચેરમેન શ્રી વી. એન. માયરા અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને અભિનંદન પાઠવવામાં આવેલ.



**યુજીવીસીએલ, ગુજરાત અને દેશની ઉન્નતિમાં સહભાગી થઇએ અને પ્રત્યેક નાગરિકને અંધારાથી અજવાળા તરફ પ્રગતિના પંથે લઇ જવા સૌ સાથે સક્રીય થઇએ**

**પ્રિય કર્મચારી મિત્રો,**

આઠમા કંપની દિન નિમિત્તે મારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પરિવારના તમામ સભ્યોને હાર્દિક શુભેચ્છા પાઠવી આપ સર્વેના સહિયારા પુરુષાર્થ થકી ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી વીજ વિતરણ કંપનીની કામગીરીની કેટેગરીમાં વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ **'ગોલ્ડ શિલ્ડ'** પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવું છું.

હજી ગયા અંકમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના સાત વર્ષના ઇતિહાસનો ઉલ્લેખ કરી ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની સાબિત કરવાની આપ સર્વેની ક્ષમતાનો ઉલ્લેખ કરેલ અને ખૂબ ઝડપથી મને પ્રતિતી થઇ. મારી માન્યતા સાથે આપ સર્વેની ક્ષમતાનો પરિચય મળી ગયો છે, જેની હું ગૌરવ સાથે નોંધ લઉં છું.

સફળતાની ટોચ પર પહોંચવાનું મુશ્કેલ કામ આપણે ઝડપભેર કરી શક્યા છીએ પરંતુ તે જાળવવા હવે આપણે ખાસ પ્રયત્ન કરવો પડશે. મને વિશ્વાસ છે કે એમાંય આપણે સક્ષમ રહીશું.

ફરીવાર કંપની દિનની શુભેચ્છાઓ સાથે **'ગોલ્ડ શિલ્ડ'** મેળવવામાં સહભાગી એવા મારા નાનામાં નાના હેલ્પરથી માંડી ઉચ્ચ અધિકારીઓને અભિનંદન પાઠવું છું.

આપનો,

**વી. એન. માયરા,** આઇએએસ
અધ્યક્ષ, યુજીવીસીએલ



**વરસો વરસ નવા પડકાર સામે, નવા લક્ષ્યો લઈને, વિશ્વાસના પગલાં માડી, પ્રગતિના નવા સોપાનો સર કરીએ, સૌ સાથે મળીને કાર્ય કરીએ, દેશની સેવા કરીએ**

**પ્રિય કર્મચારી મિત્રો,**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના આઠમા કંપની દિન નિમિત્તે સૌ કર્મચારી મિત્રોને અનેક અનેક શુભેચ્છાઓ. તાજેતરમાં ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી વીજ વિતરણ કંપનીની કામગીરીની કેટેગરી માટે યુજીવીસીએલને **'ગોલ્ડ શિલ્ડ'** દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે તે માટે કંપનીના તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને ઉત્તર ગુજરાત વીજ કંપની સુધીના સમયગાળા દરમિયાન કંપનીના તમામ વર્તમાન અને ભૂતપૂર્વ કર્મચારીઓ અને અધિકારીઓએ કામ કરવા માટે પ્રસ્થાપિત કરેલ આગવી પ્રણાલિકા અને તેમનામાં રહેલી કાર્યદક્ષતા અને ક્ષમતાનું પ્રતિબિંબ આપણને મળેલ **'ગોલ્ડ શિલ્ડ'**માં જોવા મળે છે. વધુ એકવાર કંપનીના તમામ કર્મચારીઓએ તેમનામાં રહેલી ક્ષમતાઓ પુરવાર કરી છે જેનાથી હું ગૌરવ અનુભવું છું. સફળતાના ઉચ્ચ શિખરે પહોંચ્યા બાદ આપણું સ્થાન હંમેશાં ટકી રહે તે માટેની શક્તિ આપણને પરમ કૃપાળુ પરમાત્મા આપે તેવી પ્રાર્થના કરૂં છું.

તા. ૨૧/૦૨/૨૦૧૨ના રોજ આપણી કંપની દ્વારા યોજાયેલ સ્પોર્ટ્સ મીટના કાર્યક્રમ દ્વારા ગુજરાત વિદ્યુત બોર્ડના અસ્તિત્વથી લઈને કંપની કરવાના ૫૦ વર્ષના ઈતિહાસમાં સ્પોર્ટ્સના માધ્યમથી એકી સાથે ૨૫૦ જેટલા કર્મચારીઓએ રમતવીર તરીકે રીક્રિએટ કરવાની મહત્વની ઘટનાનો પ્રત્યક્ષ ભાગીદાર થવા બદલ ધન્યતા અનુભવું છું. ભાગ લેનાર તમામ કર્મચારીઓને સ્પોર્ટ્સમેન સ્પિરિટથી ભાગ લઈને અદભૂત સફળતાના સહભાગી થવા બદલ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

કંપની દિનના અવસર પ્રસંગે આગામી દિવસોમાં ટી એન્ડ ડી લોસ ઘટાડવાની બાબતમાં વધુ ગંભીર બની અગ્રેસર તરીકેનું સ્થાન જાળવી રાખીએ તેવી અભ્યર્થના



**એન. શ્રીવાસ્તવ,** આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

વર્ષ–૨ અંક–૧૪, જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૨
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. સી. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એસ. એચ. શાહદાદપુરી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી આર. એસ. પંચાલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**

સંકલન : ૨૨/૦૩/૨૦૧૨

# આ અંકમાં

**ઉજવણી**
૬૩ મા પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ દ્વારા ઉત્સાહભેર ઉજવણી............ ૦૫
બઢતી પામેલ મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી.સી.પરમારની કારકિર્દી......... ૦૬

**વિદાય**
શ્રી સી એલ શર્મા મુખ્ય ઇજનેરને ભાવભરી વિદાય............................. ૦૭

**એવોર્ડ**
વીજ વિતરણ ક્ષેત્રે શિરમોર એવી યુજીવીસીએલની યશકલગીમાં વધુ એક પીછાનો ઉમેરો................................................ ૦૮

**સદ્‌ભાવના**
સદ્‌ભાવના મિશન કાર્યક્રમ દરમિયાન માણસા-મહેસાણા અને હિંમતનગર ખાતે યુજીવીસીએલ દ્વારા વધુ એકવાર વિના વિક્ષેપે વીજવિતરણ..................... ૧૦

**રમત-ગમત**
પ્રથમ ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન..... ૧૧

**સ્પોર્ટ્સ મીટ**
સ્પોર્ટ્સમીટનો અદભૂત કાર્યક્રમ............................................. ૧૩
સ્પોર્ટ્સમીટને મળેલા પ્રોત્સાહક પ્રતિભાવ...................................... ૧૭

**ભૂમિકા**
રમત-ગમત ક્ષેત્રે 'ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ' અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની ભૂમિકા.......................... ૨૧

**સિદ્ધિ**
જુનિયર એન્જિનિયર શ્રી વાય. એસ. રાવલની વોલિબોલમાં સિદ્ધિ............... ૨૨
શ્રી અરવિંદભાઈ પટેલની બ્રિજ અને કેરમમાં સિદ્ધિ............................. ૨૨
શ્રીમતી આશાબેન ખાલપડાની ચેસમાં સિદ્ધિ.................................. ૨૩
શ્રી વિક્રમભાઇ એચ. અસારીની રમતગમતમાં સિદ્ધિ........................... ૨૩
શ્રીમતી દિનાબહેનની બેડમિન્ટનમાં સિદ્ધિ.................................... ૨૩
ચેસના ઉત્કૃષ્ટ ખેલાડી તરીકે શ્રી શૈલેશ નાયકની કારકિર્દી એક નજરે............. ૨૪
શ્રી ભરત કોઇટિયાની ક્રિકેટમાં સિદ્ધિ........................................ ૨૫
ડેપ્યુટી એન્જિનિયર શ્રી કમલ સીંધીની બેડમિન્ટનની રમતમાં સિદ્ધિ............... ૨૫

**રમતવીરો**
સ્પોર્ટ્સમીટના ચેમ્પિયન્સ.................................................. ૨૬
સ્પોર્ટ્સમીટના રનર્સ અપ.................................................. ૨૮



At the outset please accept our heartiest congratulations on this initiative of e-magazine. It it very informative and a good source of communication. Our compliments to the team.

**Romi Bhatia**
*General Manager (H.R.), GETCO*



# ૬૩ મા પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ દ્વારા ઉત્સાહભેર ઉજવણી





તા. ૨૬-૧-૨૦૧૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજ વંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર શ્રી સી. એલ. શર્મા, શ્રી એ. સી. પટેલ તથા જનરલ મેનેજર (નાણા) શ્રી આર. બી. કોઠારી તથા ઉચ્ચ અધિકારીઓ, નિવૃત્ત અધિકારીઓ કર્મચારીઓ ભાઇઓ અને બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કંપનીના સિક્યોરિટી ઇનસ્પેક્ટર શ્રી વ્યાસની દોરવણી હેઠળ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન શ્રીવાસ્તવને મંચ ઉપર લઇ જવામાં આવેલ. ત્યાર બાદ તેઓને સિક્યોરિટી ગાર્ડ દ્વારા સલામી આપવામાં આવેલ.

૯.૧૫ મિનિટે કંપનીના મેનેજિંગ ડરેક્ટરશ્રી દ્વારા રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવેલ અને દેશભક્તિના ગીત સાથે સલામી આપવામાં આવેલ આ સમયે જેટકોના કર્મચારી શ્રી નિરવ શાહની સુપુત્રી કુ. મિતિ શાહ કે જે માત્ર ધોરણ ૩ માં અભ્યાસ કરે છે તેના દ્વારા 'નન્ના મુન્ના રાહી હું...' ગીત ગાઇને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરેલ જેનાથી પ્રભાવિત થઇ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા તેણીને બુકેથી ખાસ સન્માનિત કરવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ હાજર રહેલ તમામ કર્મચારીઓને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી જણાવેલ કે આવનારા દિવસોમાં કંપનીની કામગીરી સામે આવનારા પડકારો ઝીલી લઇ સફળ થવા માટે પ્રયત્નો કરવા અનુરોધ કરેલ.

દેશની આઝાદી વિશે રસપ્રદ માહિતી આપેલ તેમ જ ટી એન્ડ ડી લોસ ઘટાડવા માટે જરૂરી પગલાં ભરવા અપીલ કરેલ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ

| મેરીટ એવોર્ડ માટેના નામોની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | વિજેતાનું નામ અને સંબંધ | ટકાવારી | ધોરણ | મેરીટ એપોર્ડની રકમ |
| શ્રીમતી એન. જે. શાહ, સિનિયર આસિસ્ટન્ટ | ચિલોડા-૨ | જૈવિક પુત્ર | સી.એ.ફાઇનલ પાસ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | ૧૦૦૦ |
| શ્રીમતી એ.એન. ખાલપડે, નાયબ ઈજનેર | સાબરમતી વર્તુળ કચેરી | પોતે | ચેસ ટુર્નામેન્ટમાં ઓલ ઈન્ડિયા (વુમન્સ) તૃતીય ક્રમે | - | પ્રમાણપત્ર |
| શ્રી એસ.ડી. રાજપુત, પટાવાળા | રજિસ્ટર્ડ કચેરી મહેસાણા | વૈષ્ણવી પુત્રી | રાજ્ય કક્ષાએ સંગીત તથા લોકગીતમાં પ્રથમ | - | ૧૦૦૦ |
| શ્રી આર. કે. મોદી જુનિયર આસિસ્ટન્ટ (મીટર રીડર) | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, મહેસાણા | દર્શિત, પુત્ર | ૯૨.૨ ટકા | ધોરણ ૧૦ | ૨૫૦ |
| શ્રી આર. કે. ગોરખા, વોચમેન | આરએસઓ મહેસાણા | પોતે | સાફસુથરા ગણવેશ પહેરવા બદલ | - | ૨૫૦ |
| શ્રી ડી.વી. રાવળ, વોચમેન | ગ્રામ્ય પેટા વિભાગ કચેરી મહેસાણા | પોતે | સાફસુથરા ગણવેશ પહેરવા બદલ | - | ૨૫૦ |
| શ્રી રામજીભાઇ બી. ચૌધરી, ભૂતપૂર્વ સૈનિક | રજિસ્ટર્ડ કચેરી મહેસાણા | પોતે | સાફસુથરા ગણવેશ પહેરવા બદલ | - | ૨૫૦ |
| શ્રી અશોકકુમાર આર. સોલંકી, ભૂતપૂર્વ સૈનિક | રજિસ્ટર્ડ કચેરી મહેસાણા | પોતે | સાફસુથરા ગણવેશ પહેરવા બદલ | - | ૨૫૦ |

લિમિટેડ હસ્તકની તમામ કંપનીઓ સાથે સંકલનમાં રહીને પ્રજાલક્ષી સેવાઓ પૂર્ણ કરવા હાકલ કરેલ.

કંપનીના વેલ્ફેર ફંડમાંથી ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલ કર્મચારીઓના સંતાનોને તથા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર અધિકારીઓને મેરિટ એવોર્ડ સ્વરૂપે પુરસ્કાર તરીકે રોકડ રકમ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ. ધ્વજવંદન બાદ કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં કર્મચારીઓ માટે નવીન મકાનમાં બનાવેલ કેન્ટિનનું ઉદ્ઘાટન કરી ખુલ્લી મૂકેલ. ત્યાર બાદ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર ખાતે સન્માનિત બાળકો તથા કર્મચારીઓને તેમજ કંપનીના ઉચ્ચ અધિકારીઓને અલ્પાહાર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી લિંબાચિયા નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવેલ. ■



# બઢતી પામેલ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી ડી.સી.પરમારની કારકિર્દી



શ્રી ડી.સી.પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)ની કારકિર્દીની શરૂઆત તા.૧૪-૭-૧૯૮૦ના રોજ અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડમાં જુનિયર એન્જિનિયર તરીકે ખેરાલુ સબ ડિવિઝન ખાતે થયેલ. ચાર વર્ષના ટૂંકા ગાળામાં વધુ ઉજ્વળ ભાવિ માટે ફેબ્રુઆરી ૮૪માં રાજીનામુ આપી ઓઇલ એન્ડ નેચરલ ગેસ કંપની (ઓએનજીસી)માં આસિસ્ટન્ટ એક્ઝિક્યુટીવ એન્જિનિયર તરીકે જોડાયેલ. ફરીવાર જાન્યુઆરી ૮૬માં રાજીનામુ આપી નાયબ ઇજનેર તરીકે શ્રી ડી.સી.પરમારે ૧૪મી ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ તે સમયના ગુજરાત વિદ્યુત બોર્ડમાં તેમની કારકિર્દી ફરીવાર શરૂઆત થરાદ પેટા વિભાગીય કચેરી ખાતે કરેલ.

ત્યાર બાદ ભિલડી, ડીસા, સિહોરી અને ફરીવાર થ રાદ સબ ડિવિઝન ખાતે ૧૫-૧-૨૦૦૬ સુધી ફરજ બજાવી. તેઓના અનુભવને ધ્યાનમાં લેતાં રાધનપુર વિભાગીય કચેરીમાં કાર્યકારી કાર્યપાલક ઇજનેર તરીકે તા.૧૬-૧-૨૦૦૬થી ૧૯-૦૮-૨૦૦૬ સુધી કાર્યભાર સંભાળેલ.

તા.૨૧-૦૮-૨૦૦૬ના રોજ શ્રી પરમારની કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી મળતાં વિજાપુર વિભાગીય કચેરી ખાતે કાર્યભાર સંભાળેલ. ત્યારબાદ તા. ૨૧-૦૧-૨૦૦૮ના રોજ અધિક્ષક ઇજનેર તરીકે પાલનપુર ખાતે બઢતી મેળવેલ અને તા.૧૪-૦૯-૨૦૦૯ સુધી સતત કાર્યરત રહેલ. તા. ૧૪-૦૯-૨૦૦૯ના રોજ સાબરમતી વર્તુળ કચેરી ખાતે વિશેષ મુખ્ય ઇજનેર તરીકે બઢતી મેળવ્યા બાદ તેઓની બદલી વિશેષ મુખ્ય ઇજનેર (વિજિલન્સ) તરીકે કરવામાં આવેલ. તાજેતરમાં તા. ૮-૨-૨૦૧૨ના રોજથી કંપનીના મહત્ત્વના હોદ્દા એવા મુખ્ય ઇજનેર (ઓપરેશન) તરીકે તેમની સેવાઓ આપી રહેલ છે.

કંપની તેમના નેતૃત્વ હેઠળ ઉત્તરોત્તર પ્રગતિ કરી આગળ વધે તેવી સમગ્ર યુજીવીસીએલ પરિવાર તરફથી અભ્યર્થના.

# શ્રી સી એલ શર્મા મુખ્ય ઈજનેરને ભાવભરી વિદાય



તા.૩૧-૦૧-૨૦૧૨ના રોજ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી સી.એલ. શર્માને વિદાય આપવા માટેના એક સમારંભનું આયોજન કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં આવેલ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટરના હોલ ખાતે કરવામાં આવેલ. જેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી એ.સી. પટેલ, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક તથા વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ અને આઇટી) શ્રી એસ.એચ. શહદાદપુરી, વિશેષ મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ. આર. પટેલ તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કંપનીના ઔદ્યોગિક સંબંધિત અધિકારી શ્રી એસ. વાય. ડામોરે શ્રી સી. એલ. શર્માની સંપૂર્ણ કારકિર્દીનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. જ્યારે શ્રી એસ.એચ. શહદાદપુરીએ પુષ્પગુચ્છથી શ્રી સી. એલ. શર્માનું સ્વાગત કર્યુ. પ્રાસંગિક પ્રવચનમાં શહદાદપુરીએ ૧૯૯૫થી શ્રી સી. એલ. શર્મા સાથે કામ કર્યાના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમજ શ્રી શર્માની ભાવિ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી એસ. આર. પટેલે ૧૯૮૦થી તેમની સાથે કરેલ નોકરીની યાદ તાજા કરેલ. શ્રી શર્માની સીજીઆરએફની નોંધપાત્ર કામગીરી અને તેમને તમામ ક્ષેત્રનો બહોળો અનુભવ હોવાને લીધે તેઓની કારકિર્દી સફળ રહેલ તેની નોંધ લીધેલ.

શ્રી એફ. એસ. બામચા, કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સે શ્રી સી. એલ. શર્માની કામ કરવાની ધગશની નોંધ લઇ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતેના બિન ઉપયોગી કિંમતી સ્ક્રેપ મટીરિયલનો નિકાલ કરવાની કામગીરી માટે વડી કચેરી દ્વારા કરવામાં આવેલ એપ્રિસિએશનની નોંધ લીધેલ. નક્કી કરેલ ધ્યેયને પ્રાપ્ત કરવામાં સક્ષમ અધિકારી હોવાનો અભિપ્રાય આપી તેમના ભાવિ અંગે શુભેચ્છા પાઠવેલ.

શ્રી એ.સી. પટેલે પોતાના વક્તવ્યમાં સખત મહેનતુ અધિકારી તરીકે શ્રી સી.એલ. શર્માની કામગીરીની નોંધ લીધેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન શ્રીવાસ્તવ દ્વારા શ્રી શર્માનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું જ્યારે શ્રી એ.સી. પટેલ દ્વારા તેઓને તેમની કારકિર્દી દરમિયાન કરવામાં આવેલ કામોની કદરની યાદગીરી રૂપે પ્રશસ્તિપત્ર એનાયત કરેલ. શ્રી શહદાદપુરી દ્વારા શ્રી શર્માને તેમના આર્થિક લાભો અંગેના ચેક અર્પણ કરેલ. શ્રી બામચા દ્વારા શુકનના પ્રતીક રૂપે શ્રી સી.એલ. શર્માને શ્રીફળ તથા ચાંદીનો સિક્કો આપવામાં આવેલ.

નિવૃત્ત થતા મુખ્ય ઇજનેર ઓપરેશન શ્રી સી.એલ. શર્માએ નિવૃત્તિ સમયના પોતાના આખરી પ્રવચનમાં કારકિર્દી દરમિયાન થયેલ યાદગાર પ્રસંગો અંગેના સંસ્મરણો રજૂ કરેલ. તેમજ સહકર્મચારીઓએ આપેલ સહકાર માટે ગૌરવની લાગણી અનુભવેલ. તેઓએ કંપની પ્રત્યે પોતાની વફાદારીની ભાવનાઓ ઉદાહરણ દ્વારા વ્યક્ત કરેલ. પોતે સત્ય માટે હંમેશાં આગ્રહી હોવાને કારણે સાચા કામો હિંમતથી કરતા હોવાનું જણાવી **'સત્યસે પરેશાની હોતી હૈ પરંતુ સત્ય કભી હારતા નહીં'** તેવી શાયરીનું ઉદ્‌બોધન કરેલ.

કાર્યક્રમમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન શ્રીવાસ્તવે શ્રી સી.એલ. શર્મા દ્વારા તેમના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલ ઝડપી કામગીરીની નોંધ લઇ તેમની સરાહના કરેલ. તેમના ભાવિ અંગે ખૂબ ખૂબ શુભકામના પાઠવેલ.





આભારવિધિ શ્રી શૈલેષ નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) દ્વારા કરવામાં આવેલ. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શ્રી એસ. વાય. ડામોર ઔદ્યોગિક સંબંધિત અધિકારી દ્વારા કરવામાં આવેલ. ■

# વીજ વિતરણ ક્ષેત્રે શિરમોર એવી યુજીવીસીએલની યશકલગીમાં વધુ એક પીછાનો ઉમેરો....



**વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીને ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી ગોલ્ડ શિલ્ડ અર્પણ કરતા માનનીય કેબીનેટ મંત્રી શ્રી સુશીલકુમાર શિંદે.**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠા દ્વારા ઉત્તર ગુજરાતનું સામાજીક અને આર્થિક જીવન ધોરણ ઊંચું લાવવાના ધ્યેયની કટિબધ્ધતા સાથે સતત કાર્યરત ઉત્તર ગુજરાત વીજ કંપનીની યશગાથામાં વધુ એક સુવર્ણ પ્રકરણ આલેખાયું છે. સાત વર્ષના ગાળામાં ઉત્તર ગુજરાતના ૬ જીલ્લા અને ૩ જિલ્લામાં અંશતઃ વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ વીજ વિતરણ કંપનીની કેટેગરીમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીની ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી ગોલ્ડ શિલ્ડ વર્ષ ૨૦૧૦-૧૧ માટે પસંદગી થઈ. ગોલ્ડ શિલ્ડ કંપનીને તા.૨૨મી માર્ચ-૨૦૧૨ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે માનનીય કેબીનેટ મંત્રી શ્રી સુશીલકુમાર શિંદેના વરદ હસ્તે યુજીવીસીએલના ચેરમેન શ્રી વરુણ માયરા અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને અર્પણ કરવામાં આવ્યો.

ઊર્જા મંત્રાલય દ્વારા ૧૯૮૩માં શરૂ કરવામાં આવેલ આ એવોર્ડ્ઝ પ્રારંભમાં માત્ર થર્મલ પાવર સ્ટેશનોની કામગીરી માટે જ આપવામાં આવતા હતા, પરંતુ ધીરે ધીરે તેમાં શ્રેષ્ઠ કાર્યક્ષમતા દર્શાવતી જળ અને અણુ ઊર્જા, ટ્રાન્સમિશન અને વિતરણ કંપનીઓને પણ આવરી લેવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાતના છ જિલ્લાઓનાં ૪૩ શહેરો તથા ૪૬૨૮ ગામોના લગભગ ૫૦ હજાર ચો. કિલોમીટરના વિસ્તારોમાં વીજ વિતરણની કામગીરી કરતી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના સ્વપ્નને (Vision)ને સિદ્ધ કરવા હંમેશા પ્રયત્ન કરેલ છે. કંપનીએ કરેલ મહત્વની કામગીરીનો ઉલ્લેખ કરીએ તો જ્યોતિગ્રામ યોજના દ્વારા સમગ્ર દેશને દિશા નિર્દેશ તેમજ રાહબરી પૂરી પાડેલ છે. જેનો આયોજન પંચ દ્વારા પણ સ્વીકાર કરવામાં આવેલ. રાજ્યભરમાં સૌ પ્રથમ જ્યોતિગ્રામ યોજના અમલ કરી સતત ૨૪ કલાક, થ્રી ફેઇઝ વીજ પુરવઠો પૂરો પાડનાર ભારતમાં પ્રથમ કંપની બનેલ છે. ફાર્મ હાઉસ અને છૂટાછવાયા રહેણાંકોમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવા સ્પેશિયલ ડિઝાઈન ટ્રાન્સફોર્મર સંશોધન કરનાર તથા ERDA દ્વારા પ્રમાણિત યુજીવીસીએલ ભારતની પ્રથમ કંપની છે.

રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ બાદ સંપૂર્ણ લક્ષ્યાંકોની સિદ્ધિ કંપની હાંસલ કરવામાં અગ્રેસર બનેલ છે. e – Urja "Empowerig

"People Any Where Any Time" ના અમલીકરણમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ કંપનીઓમાં અગ્રેસર રહેલ છે.

ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા વીજ વિતરણ માટેની ઉત્કૃષ્ટ કામગીરી માટેના ગોલ્ડ શિલ્ડ માટે પસંદગી કરતી વખતે બિરદાવેલ કામગીરીમાં એટીએન્ડસી લોસમાં ૫૦ ગુણ, આવક વૃદ્ધિમાં ૨૦ ગુણ, ટ્રાન્સફોર્મર સેન્ટર્સ અને ગ્રાહકોના મીટરિંગમાં ૧૦ ગુણ, વીજ વિતરણમાં વિશ્વસનીયતાના ૧૫ ગુણ, ઓપન એક્સેસ એન્ડ જીઆઈએસનાં ૦૫ ગુણના આધારે મળીને કુલ ૧૦૦ ગુણ માપદંડ તરીકે ધ્યાનમાં લેવામાં આવેલ છે.

યુજીવીસીએલ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયના એટી એન્ડ સી લોસીસ ૧૬.૯૬ ટકા હતા જે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ઘટાડીને ૬.૬૩ ટકા કરવાની મહત્વની કામગીરી કરવામાં આવેલ.

કૃષિ ક્ષેત્રમાં ૪,૩૮,૯૬૩ એચપી લોડને નિયમિત કર્યો અને નિશ્ચિત દર પર ગ્રાહકોને વેચાતાં યુનિટ્સમાં ૭૪૬૦.૨૪ લાખનો વધારો થયો, જે એટી એન્ડ સી લોસીસ ઘટવાનું મુખ્ય કારણ હતું. નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૨,૯૨૯ કૃષિ ગ્રાહકોમાં ઊર્જા કાર્યક્ષમ કૃષિ પંપ્સ (ઈપીપી) મૂકવામાં આવ્યા જેથી ૧,૦૩,૦૭૧ એચપીની બચત થઇ હતી, જેથી ૧૭૫૦.૨૨ લાખ યુનિટની બચત થઇ ઉપરાંત ૨૦૧૦-૧૧ દરમિયાન ચોમાસામાં અસાધારણ રીતે સારો વરસાદ થવાથી કૃષિ ક્ષેત્રમાં ઊર્જા વપરાશની ગણતરીની ફોર્મ્યુલાનો લાભ મળેલ છે.

વર્ષ ૨૦૧૦-૧૧ માટે, કંપનીની નાણાકીય સ્થિતિ સુધરી અને તેનો ચોખ્ખો નફો રૂ.૧૨.૬૭ કરોડ થયો. વર્ષ ૨૦૧૧ના માર્ચના અંત સુધીમાં ૮૧.૭૫ ટકા ડિસ્ટ્રીબ્યુટર ટ્રાન્સફોર્મર સેન્ટરમાં મીટર લગાવાયા હતા જ્યારે ૧૦૦ ટકા ગ્રાહકોને મીટર લગાડ્યા છે (એગ્રીકલ્ચર ફ્લેટ રેટ ગ્રાહકો સિવાય, જેમને ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા મુક્તિ મળી છે) ઓપન એક્સેસ અને જી.આઇ.એસ.માં શરૂઆતની પ્રાથમિક કામગીરીનો આરંભ કરી દીધેલ છે.


NATIONAL AWARDS
FOR MERITORIOUS PERFORMANCE IN POWER SECTOR
IN RECOGNITION OF OUTSTANDING PERFORMANCE DURING 2010-11
MINISTRY OF POWER
GOVERNMENT OF INDIA
IS PLEASED TO AWARD
GOLD SHIELD
TO
UTTAR GUJARAT VIJ COMPANY LIMITED
FOR PERFORMANCE OF DISTRIBUTION COMPANIES
Ministry of Power,
New Delhi,
March 22, 2012
P. Uma Shankar
Secretary to the Government of India

**વીજ વિતરણ ક્ષેત્રે કંપનીની ઉત્કૃષ્ટ કામગીરીમાં તમામ કર્મચારીઓની નિષ્ઠા, પુરુષાર્થ તથા ટીમસ્પિરિટે અગત્યનો ભાગ ભજવેલ છે. જ્યારે પણ કંપની દ્વારા ખાસ પ્રકારની કામગીરી પડકાર તરીકે સ્વીકારવામાં આવી હોય ત્યારે કર્મચારીઓએ હંમેશા ઉત્સાહભેર પડકારને વધાવીને અપેક્ષા કરતાં પણ વધુ સારી રીતે આવાં અભિયાનો પાર પાડેલ છે.**

અહીં વધુ નોંધપાત્ર હકીકત એ છે કે, અગાઉ વર્ષ ૨૦૦૫-૦૬ની કામગીરી માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી બ્રોન્ઝ શિલ્ડ એનાયત કરવામાં આવેલ. ૬૦ ટકા વીજ વિતરણ ખેતી ક્ષેત્રે કરવામાં આવતું હોય અને એવાર્ડ્ઝ પાત્ર કામગીરી કરતી હોય તેવી ભારતની એક માત્ર વીજ વિતરણ કંપની છે. ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાના એવાર્ડ્ઝ જેવા કે, રૂા. ૧૦,૦૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઈડર કંપનીઓની કેટેગરીમાં નેશનલ એવોર્ડ એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭, ગ્રામ્ય વીજળીકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઈમા પાવર એવાર્ડ-૦૮, ખેતીક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ઈન્ડિયા પાવર એવાર્ડ-૦૯, ગુડ પરફોર્મન્સ એવોર્ડ જાહેકક્ષેત્રની કેટેગરીમાં એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૧૧ માટે આઈસીડબલ્યુએઆઈ તરફથી, ઈન્ડિયા પાવર એવાર્ડ-૨૦૧૦ એનર્જી એફિશિયન્સી કન્ઝર્વેશન અને ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ માટે, વીજ વિતરણ ક્ષેત્રે મહિલા તરીકે કરેલ વિવિધ કામગીરી માટે વુમન ઈન પાવર સેકટર માટેનો ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૧ વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબેન દેસાઈએ મેળવીને સમગ્ર ભારતમાં ગુજરાતનું ગૌરવ વધારેલ છે.

વીજ વિતરણ ક્ષેત્રે કંપનીની ઉત્કૃષ્ટ કામગીરીમાં તમામ કર્મચારીઓની નિષ્ઠા, પુરુષાર્થ તથા ટીમસ્પિરિટે અગત્યનો ભાગ ભજવેલ છે. જ્યારે પણ કંપની દ્વારા ખાસ પ્રકારની કામગીરી પડકાર તરીકે સ્વીકારવામાં આવી હોય ત્યારે કર્મચારીઓએ હંમેશા ઉત્સાહભેર પડકારને વધાવીને અપેક્ષા કરતાં પણ વધુ સારી રીતે આવાં અભિયાનો પાર પાડેલ છે. કંડલા વાવાઝોડું હોય, કચ્છનો ભૂકંપ હોય કે પછી સુરતમાં આવેલ પૂર હોય જ્યારે પણ કંપનીના કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી હોય ત્યારે સફળતાપૂર્વક પાર પાડવામાં તેઓ હંમેશા અગ્રેસર રહ્યાં છે. કંપનીનું માળખું હંમેશાં આ પ્રકારની કામગીરી માટે કટિબદ્ધ છે. ભવિષ્યમાં પણ વધુ સારી કામગીરી દ્વારા કંપની સફળતાના શિખરો સર કરવા તત્પર છે.

આ એવોર્ડ અંગેની જાહેરાત થતાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ વિતરણ, વીજ ઉત્પાદક અને પ્રવહન કંપનીના અધિકારીઓ તરફથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીને અભિનંદન પાઠવવામાં આવેલ.

માનનીય કેબીનેટ કક્ષાના મંત્રીશ્રી સુશીલકુમાર શિંદે દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના ચેરમેન શ્રી વી. એન. માયરા, તથા મેનેજિંગ ડિરેકટર શ્રી એન. શ્રીવાસ્તવને સદર રાષ્ટ્રીય એવોર્ડ કંપની વતી એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે ઉમા શંકર, સચિવ શ્રી, ઊર્જા મંત્રાલય, ભારત સરકાર, શ્રી કે. સી. વેણુગોપાલ, રાજ્ય કક્ષાના કેન્દ્રીય ઊર્જા મંત્રી અને શ્રી અરવિંદર સિંઘ બક્ષી, સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટીના ચેરપર્સન જેવા મહાનુભાવોએ ઉપસ્થિત રહી એવોર્ડ સમારંભની ગરિમા વધારી હતી.

ઉપરાંત આ પ્રસંગે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મુખ્ય ઈજનેર શ્રી ડી.સી.પરમાર ઉપસ્થિત રહેલ. ■

# સદ્ભાવના મિશન કાર્યક્રમ દરમિયાન માણસા-મહેસાણા અને હિંમતનગર ખાતે યુજીવીસીએલ દ્વારા વધુ એકવાર વિના વિક્ષેપે વીજવિતરણ

તારીખ ૫ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ માણસા ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સદભાવના મિશન કાર્યક્રમના ભાગ રૂપે એક દિવસના ઉપવાસનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાના હોઇ તેના આગોતરા આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જરૂરી સૂચનાઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને આપવામાં આવેલ. કાર્યપાલક ઇજનેર શ્રી પી. કે. પટેલ, નાયબ ઇજનેર શ્રી જે.કે. દરજી તથા શ્રી જી. વી. પટેલ દ્વારા કાર્યક્રમ દરમિયાન સતત વીજ પૂરવઠો જળવાઇ રહે તે માટે યોગ્ય વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ. વીજ પૂરવઠાની આવશ્યકતા પ્રમાણે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. કુલ બે જગ્યાએ સફળ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જે પૈકી એક સ્થળ પ્રદર્શનનું અને બીજું સ્થળ ઉપવાસનું હતું.

મુખ્ય સ્થળે જનરલ આયોજન, સંકલન તથા રીપોર્ટિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. ૧૧ કેવી બાર આંબા ટીસી ઉપર મેઇન ટીસી પર તથા પેનલ સ્વીચ પર ટ્રાન્ફરમર સેન્ટર અને તેની પેનલ સ્વીચ પર પાવર સપ્લાયની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. ૧૧ કેવી અંબાજી ફીડર ટેમ્પરરી જોડાણ ટીસી પર આપવામાં આવેલ. તેમજ ૬૬ કેવી માણસા સબ સ્ટેશનમાંથી ૧૧ કેવી આંબા અને ૧૧ કેવી અંબાજી ફીડર પર પાવર સપ્લાયની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. ૬૬ કેવી માણસા એસએસથી પ્રોગ્રામની ટીસી વચ્ચે આવતા ટીસીના લંગર ઉતારી લેવામાં આવેલ. તેમજ ૬૬ કેવી માણસા એસએસથી ૧૧ કેવી આંબા ફીડર પર સઘન પેટ્રોલિંગ અને પાવર સપ્લાયની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.

આમ વિવિધ સ્થળોએ સુચારૂ રૂપે વીજ વ્યવસ્થા જળવાય તે માટે ખાસ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. માણસા ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવેલ સ્ટોલની વિશાળ સંખ્યામાં લોકોએ મુલાકાત લીધેલ. તેમજ યુજીવીસીએલ દ્વારા પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલ પેનલો, સીડી તેમજ સ્કીન મોશન ડિસ્પ્લે આકર્ષણનું કેન્દ્ર બન્યા. ગ્રાહકોને વીજ બચત અને વીજ સલામતી અંગેના ટેમ્પલેટોનું વિતરણ કરવામાં આવેલ તેમજ સ્ટોલમાં મૂકવામાં આવેલ માહિતી પુસ્તિકાનું વિતરણ કરવામાં આવેલ. ૪૨ ઇંચના એલસીડી ટીવી દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ અંધકારથી ઉજાસ તરફનું નિદર્શન કરવામાં આવેલ.






તારીખ ૧૦-૧-૨૦૧૨ના રોજ મહેસાણાના એરોડ્રોમના મેદાન ખાતે સદભાવના મિશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ મહેસાણા સર્કલ ઓફિસ દ્વારા આયોજિત કરવામાં આવેલ સ્ટોલની મુલાકાત લીધેલ તેમજ વીજ વિતરણ અંગેની વ્યવસ્થામાં નિરિક્ષણ કરેલ.

તા.૨૨-૧-૨૦૧૨ના રોજ હિંમતનગર ખાતે વૈશાલી સિનેમાની બાજુના મેદાનમાં સદર કાર્યક્રમનું આયોજન હિંમતનગર સર્કલ વિભાગીય કચેરી તેમજ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓએ ખૂબ સુંદર રીતે હાથ ધરેલ. આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લાના અગ્રગણ્ય નાગરિકોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. સમગ્ર કાર્યક્રમો દરમિયાન યુજીવીસીએલની વિજાપુર/મહેસાણા/હિંમતનગર વિભાગીય કચેરીની તમામ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓએ અધિક્ષક ઇજનેર શ્રી ડી. એસ. પટેલ તથા શ્રી આર. એસ. પંચાલના માર્ગદર્શન હેઠળ વીજ પૂરવઠો સતત મળી રહે તેની કાળજી રાખેલ અને અંતે કોઇ પણ પ્રકારના વીજ વિક્ષેપ વગર તમામ કાર્યક્રમો સંપૂર્ણ થયેલ. ■



# પ્રથમ ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન

## યુજીવીસીએલ રનર્સ અપ

તા. ૦૭-૦૧-૨૦૧૨ના રોજ હિંમતનગર ખાતે સાબર સ્ટેડિયમમાં યુજીવીસીએલના યજમાન પદે સૌ પ્રથમવાર ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની સાતેય વીજ કંપનીઓના કુલ ૭૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ.

ખૂબ જ રસાકસી ભરી રમતના અંતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડે ફાઈનલ મેચમાં ઉત્તર વીજ કંપની લિમિટેડની ટીમને હરાવી ચેમ્પિયનશીપ મેળવેલ છે. જ્યારે યુજીવીસીએલ રનર્સ અપ થયેલ છે.

ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટના ઉદ્દઘાટન પ્રસંગે શ્રી એમ. એ. શેખ નાયબ મહાપ્રબંધક (એચઆર) જીયુવીએનએલ, શ્રી આર એસ પંચાલ અધિક્ષક ઈજનેર, યુજીવીસીએલ હિંમતનગર, શ્રી આર. એચ. પટેલ નાયબ મહાપ્રબંધક (એચઆર) તથા શ્રી એસ. વાય. ડામોર, ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ઓફિસરે હાજરી આપીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ.





| ઈન્ટર કંપની કબડ્ડી ચેમ્પિયન ડીજીવીસીએલની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
| ૧ | શ્રી બી. એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ડુંગરી સબ ડિવિઝન, વલસાડ |
| ૨ | શ્રી વાય. પી. પવાર | જુનિયર આસિસ્ટન્ટ | એચ. આર. કોર્પોરેટ ઓફિસ, સુરત |
| ૩ | શ્રી ડી. જી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ડુંગરી સબ ડિવિઝન, વલસાડ |
| ૪ | શ્રી સી. બી. પટેલ | હેલ્પર | વાપી ટાઉન સબ ડિવિઝન, વલસાડ |
| ૫ | શ્રી બી. એમ. પટેલ | હેલ્પર | વલસાડ સીટી ડિવિઝન, વલસાડ |
| ૬ | શ્રી વાય. એન. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | એચ. આર. સર્કલ ઓફિસ, સુરત |
| ૭ | શ્રી બી. બી. શેખાવત | જુનિયર આસિસ્ટન્ટ | એચ. આર. કોર્પોરેટ ઓફિસ, સુરત |
| ૮ | શ્રી કે. આર. ગાંધી | નાયબ ઈજનેર | પીએન્ડપી, કોર્પોરેટ ઓફિસ, સુરત |
| ૯ | શ્રી ડી. ઝેડ. પટેલ | હેલ્પર (વી.એસ.) | નીઝાર સબ ડિવિઝન, સુરત, સર્કલ ઓફિસ |
| ૧૦ | શ્રી યુ. એસ. ગામીત | સીનિયર આસિસ્ટન્ટ | ડીડોલી સબ ડિવિઝન, સર્કલ ઓફિસ, સુરત |

| ઈન્ટર કંપની કબડ્ડીમાં યુજીવીસીએલની ટીમ રનર્સ અપ | | | |
|---|---|---|---|
| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
| ૧ | શ્રી એમ. આર. અસોડા | વોચમેન | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૨ | શ્રી એલ. ડી. પટેલ | સીનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર |
| ૩ | શ્રી વી. એચ. અસારી | આસિસ્ટન્ટ સેક્રેટરી | હિંમતનગર |
| ૪ | શ્રી એચ. આર. નીનામા | હેલ્પર | હિંમતનગર (આર) સબ ડિવિઝન |
| ૫ | શ્રી એસ. ડી. ફનેજા | સીનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૬ | શ્રી એ. એસ. અસોડા | લાઈનમેન | હિંમતનગર (ટી) સબ ડિવિઝન |
| ૭ | શ્રી એ. કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ભીલોડા - ૧ સબ ડિવિઝન |
| ૮ | શ્રી એમ. કે. ડાભી | સીનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર (ટી) સબ ડિવિઝન |
| ૯ | શ્રી આર. એમ. ચૌધરી | હેલ્પર | ડીસા (આર) સબ ડિવિઝન |
| ૧૦ | શ્રી પી. એસ. પ્રજાપતિ | હેલ્પર | ગઢા સબ ડિવિઝન |

| ઈન્ટર કંપની કબડ્ડીમાં એઆઈઈએસસીબી માટે પસંદગી પામેલ ખેલાડીઓના નામ | | | |
|---|---|---|---|
| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | નોકરીનું સ્થળ |
| ૧ | શ્રી પી. આર. પટેલ | ફાયર મેન | ઉકઈ જીએસઈસીએલ |
| ૨ | શ્રી આર. એમ. કહાર | એલ. ફાયર મેન | ઉકઈ જીએસઈસીએલ |
| ૩ | શ્રી એસ. એલ. અસારી | પીઓ-૨ | ડી.ટીપીએસ જીએસઈસીએલ |
| ૪ | શ્રી ડી. જી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ડુંગરી સબ ડિવિઝન, ડીજીવીસીએલ |
| ૫ | શ્રી વાય. પી. પવાર | જુનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, સુરત, ડીજીવીસીએલ |
| ૬ | શ્રી બી. એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ડુંગરી સબ ડિવિઝન, ડીજીવીસીએલ |
| ૭ | શ્રી એમ. આર. અસોડા | વોચમેન | સર્કલ ઓફિસ, હિંમતનગર, યુજીવીસીએલ |
| ૮ | શ્રી આર. એમ. ચૌધરી | હેલ્પર | ડીસા સબ ડિવિઝન, યુજીવીસીએલ |
| ૯ | શ્રી એલ. ડી. પટેલ | સીનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ હિંમતનગર, યુજીવીસીએલ |
| ૧૦ | શ્રી એચ. આર. નીનામા | હેલ્પર | રૂરલ સબ ડિવિઝન હિંમતનગર |



ચેમ્પિયન ડીજીવીસીએલના કેપ્ટન અને શ્રી એમ.એ. શેખ



રનર્સ અપ યુજીવીસીએલા કેપ્ટન અને આર. એસ. પંચાલ

ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી એમ. એ. શેખ દ્વારા યુજીવીસીએલે અગાઉ સફળ ટુર્નામેન્ટનું આયોજન કરેલ છે અને ભવિષ્યમાં જ્યારે તેઓને ટુર્નામેન્ટ આપવામાં આવશે ત્યારે સફળ આયોજન કરશે તેવો આશાવાદ વ્યક્ત કરેલ અને તમામ ખેલાડીઓ સ્પોર્ટ્સમેન સ્પિરિટની ભાવનાથી રમે તે માટે અનુરોધ કરેલ. શ્રી આર. એસ. પંચાલ, અધિક્ષક ઈજનેરે તમામ ખેલાડીઓને આવકારી આયોજનમાં કંઈ પણ અસુવિધા ન થાય તે માટે આયોજકોના સંપર્કમાં રહેવા અપીલ કરી સફળતા અંગે શુભેચ્છા પાઠવેલ.

સમાપન સમારંભમાં કંપનીના મુખ્ય ઈજનેર શ્રી સી.એલ. શર્માના માતૃશ્રીના અવસાન બદલ બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ.

વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટ આપવામાં આવેલ. હિંમતનગર વર્તુળ કચેરીના સહાયક સચિવ શ્રી વી.એચ. અસારીના નેતૃત્વ હેઠળ હિંમતનગર વર્તુળ દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવેલ. આભાર વિધિ કંપનીના ઔદ્યોગિક સંબંધિત અધિકારી શ્રી એસ. વાય. ડામોરે કરી સાબર સ્ટેડિયમના સત્તાધીશો તથા ટુર્નામેન્ટના સફળ આયોજનમાં મહત્ત્વનો ભાગ ભજવનાર તમામ નામી અનામી વ્યક્તિઓનો પણ આભાર માનેલ.

ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી શૈલેષ નાયક, સ્પોર્ટ્સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. શ્રી દિલીપભાઈ ડામોરે રેફરી તરીકે ફરજ બજાવેલ. ■

# સ્પોર્ટ્સમીટનો અદ્ભૂત કાર્યક્રમ

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઐતિહાસિક ભવ્ય 'સ્પોર્ટ્સમીટ'નું ગાંધીનગર ખાતે સફળ આયોજન




ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા તા. ૨૧-૦૧-૨૦૧૨ના રોજ સ્પોર્ટ્સમીટનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા કોમ્પલેક્સ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.

સ્પોર્ટ્સમીટમાં કુલ ૧૧ (અગિયાર) રમતોની સ્પર્ધાઓનું આયોજન ભાઈઓ તથા બહેનો માટે કરવામાં આવેલ. જેમાં ચેસ, ટેનિસ, ટેબલ ટેનિસ, કેરમ, બેડમિન્ટન, ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ તથા રસ્સાખેંચનો સમાવેશ કરવામાં આવેલ.

કંપનીના કુલ ૨૫૦ (બસો પચાસ) કર્મચારીઓ સ્પર્ધક તરીકે વિવિધ રમતોમાં સ્પોર્ટ્સમેન સ્પિરિટથી ભાગ લઈને રમ્યા હતા. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી એન. શ્રીવાસ્તવના સીધા માર્ગદર્શન અને શ્રી સી. એલ. શર્મા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)ના નેતૃત્વ હેઠળ એક દિવસના આ સ્પોર્ટ્સમીટનું મહત્ત્વપૂર્ણ આયોજન હાથ ધરવામાં આવેલ.

કંપનીના કર્મચારીઓમાં સ્પોર્ટ્સમેન સ્પિરિટની ભાવના ઉદ્ભવે તેમજ અલગ અલગ જગ્યાએ કામ કરતા કર્મચારીઓ કામ સિવાય રમત-ગમતના માધ્યમ દ્વારા એકબીજાની વધુ નજીક આવે તેવા ઉદ્દેશથી સદર કાર્યક્રમનું આયોજન વિચારવામાં આવેલ. કંપની દ્વારા કર્મચારીઓના કલ્યાણ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની અન્ય વીજ કંપનીઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને કંપનીકરણ સુધીના ૫૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વાર એકીસાથે ૨૫૦ જેટલા કર્મચારીઓને સફળતા પૂર્વક આનંદ અને ઉત્સાહથી પ્રેરિને રમત-ગમતના માધ્યમ દ્વારા મનોરંજીત કરવા માટે સ્પોર્ટ્સમીટ જેવા કાર્યક્રમનું આયોજન સૌપ્રથમ વાર હાથ ધરી નવતર કામગીરી કરેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે રમતવીર તરીકે બેડમિન્ટનની સ્પર્ધામાં ભાગ લીધેલ જેને લીધે કર્મચારીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ. આ સ્પોર્ટ્સમીટના કાર્યક્રમમાં પાલનપુર સર્કલના કુલ ૭૮, હિંમતનગર સર્કલના કુલ ૬૪, મહેસાણા સર્કલના કુલ ૩૭, સાબરમતી સર્કલના ૩૩ તથા મહેસાણા કોર્પોરેટ કચેરીના કુલ ૩૮ કર્મચારીઓ સ્પર્ધકો તરીકે પસંદગી પામેલ.

સ્પોર્ટ્સમીટના ઉદ્ઘાટન પહેલા બેન્ડવાજા દ્વારા દેશભક્તિના ગીતોની ધુનો વગાડીને એક સંગીતમય વાતાવરણ ઊભું કરેલ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કંપનીના તમામ કર્મચારીઓને સવારે ચા-નાસ્તો, બપોરે ભોજન તથા પૂર્ણાહુતિ વખતે ફરી વાર

**૫૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વાર એક સાથે ૨૫૦ જેટલા કર્મચારીઓને સફળતા પૂર્વક આનંદ અને ઉત્સાહથી પ્રેરિને રમત-ગમતના માધ્યમ દ્વારા મનોરંજીત કરવા માટે સ્પોર્ટ્સમીટનું આયોજન સૌપ્રથમ વાર હાથધરી નવતર કામગીરી કરેલ**

ચા-નાસ્તો આપવામાં આવેલ. તેમજ હાજર રહેલ તમામ કર્મચારીઓને કંપની દ્વારા તેઓના માપ પ્રમાણે ટ્રેકસૂટ આપવામાં આવેલ.

સ્પોર્ટ્સમીટના ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રમુખ તરીકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે હાજરી આપેલ. આ પ્રસંગે મુખ્ય ઈજનેર શ્રી સી. એલ. શર્મા, શ્રી એ.સી. પટેલ તેમજ નાયબ મહાપ્રબંધક (એચઆર) શ્રી આર. એચ. પટેલે ઉપસ્થિત રહીને કર્મચારીઓને પ્રોત્સાહિત કરેલ. કાર્યક્રમની શરૂઆતમાં માનનીય ડિરેક્ટરશ્રીની સર્વસમંતિથી પ્રમુખ સ્થાને વરણી કરવામાં આવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરતા શ્રી સી. એલ. શર્માએ એકીસાથે ૨૫૦ જેટલા કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં આપેલ હાજરી અંગે આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવેલ તેમજ પોતાની કારકિર્દી દરમ્યાન સૌપ્રથમ યોજાયેલ આ કાર્યક્રમની નોંધ લીધેલ. ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખ તરીકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ જણાવેલ કે દૈનિક કામગીરીથી કર્મચારીઓ પોતાને ગમતી વિશેષ કામગીરી રમત-ગમતના માધ્યમથી કરીને મનોરંજિત થાય તેવા ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. વધુમાં તેમણે જણાવેલ કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા અલગ અલગ સમયે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે. તેનાથી વધુ એક જ દિવસે એક જ કંપનીના વિવિધ રમતો રમતા રમતવીરો એક સાથે એકત્ર થાય અને એકબીજાની રમતથી પરિચિત થાય તેવો ઉદ્દેશ વ્યક્ત કરેલ. તમામ સ્પર્ધકો સ્પોર્ટ્સમેન સ્પિરિટથી રમશે તેવા અનુરોધ સાથે સ્પોર્ટ્સમીટના કાર્યક્રમને ખુલ્લો મુકેલ.

સદર કાર્યક્રમ ખૂબ સફળતાપૂર્વક સ્પોર્ટ્સમેન સ્પિરિટથી પૂર્ણ થાય અને દરેક કર્મચારીઓ માટે એક ઐતિહાસિક સંભારણું બની રહે તે માટે તમામ સ્પર્ધકોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવેલ. કાર્યક્રમને સરળતાથી પૂર્ણ કરી શકાય તે માટે તમામ રમતોના ચુનંદા ખેલાડીઓને રેફ્રી, એમ્પાયર તથા આર્બીટર તરીકે નિયુક્ત કરવામાં આવેલ તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના વિશાળ સંકુલમાં આવેલ અલગ અલગ રમતોના મેદાનમાં સરળતાથી જઈ શકે તે માટે સૂચિત નકશા દ્વારા કર્મચારીઓને માર્ગદર્શન આપવામાં આવેલ.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા દર વર્ષે બહાર પાડવામાં આવતા સ્પોર્ટ્સ કેલેન્ડરને અનુલક્ષીને યોજવામાં આવેલ વિવિધ ટુર્નામેન્ટ્સમાં સફળ થયેલ રમતવીરોનું કંપનીના

**ચેસનુ પરિણામ (ભાઈઓ)**

| કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|
| શ્રી એસ.એ. નાયક | સ્પોર્ટ્સ સેક્રેટરી, રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એચ.આર. નાયક | હેલ્પર, જગુદણ સ.ડી. | રનર્સ અપ |

**ચેસનુ પરિણામ (બહેનો)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી એ.એન. ખાલપડે | નાયબ ઈજનેર, સાબરમતી વ.ક. | ચેમ્પિયન |
| ૨ | શ્રીમતી યુ.એ. દંતાણીયા | જુનિ. આસી., હિંમતનગર વિ.કા. | રનર્સ અપ |

**લોન ટેનિસ પરિણામ (સીંગલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી કમલ સીન્ધી | નાયબ ઈજનેર, રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી જાકીર સૈયદ | સિનિ.આસી, પાલનપુર વિ.કા. | રનર્સ અપ |

**લોન ટેનિસ પરિણામ (ડબલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી બી.પી. બુચ | કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર વિ.કા. | ચેમ્પિયન |
| ૨. | શ્રી વી.એચ. ઠાકર | નાયબ ઈજનેર, એએલડીસી ગાંધીનગર | ચેમ્પિયન |
| ૩. | શ્રી જે.એમ. સૈયદ | સિનિ.આસિ., પાલનપુર વિ.કા. | રનર્સ અપ |
| ૪ . | શ્રી હસમુખ નાગર | | રનર્સ અપ |

**ટેબલ ટેનિસ (ભાઈઓ) પરિણામ (સીંગલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી પી.પી. પ્રજાપતિ | હેલ્પર, ઈન્ડ્ર પે.વિ.ક. મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી પી.જે. ત્રિવેદી | અધિક્ષક ઈજનેર, રજી. કચેરી મહેસાણા | રનર્સ અપ |
| | શ્રી જે.એમ. સૈયદ | સિનિ.આસિ., પાલનપુર વિ.કા. | રનર્સ અપ |
| ૪ . | શ્રી હસમુખ નાગર | | રનર્સ અપ |

**ટેબલ ટેનિસ પરિણામ (ભાઈઓ) (ડબલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી પી.જે. ત્રિવેદી | અધિક્ષક ઈજનેર, રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી એન.પી. પટેલ | જુનિ. પ્રોગ્રામર, રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૩. | શ્રી એમ.એચ. સોલંકી | સિનિ.આસિ., વ.ક. મહેસાણા | રનર્સ અપ |
| ૪. | શ્રી પી.પી. પ્રજાપતિ | હેલ્પર, ઈન્ડ્ર પે.વિ.ક. મહેસાણા | રનર્સ અપ |

**ટેબલ ટેનિસ પરિણામ (બહેનો) (સીંગલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી સી.એચ.મોદી | સિનિ.આસિ., પાલનપુર વિ.કા. | ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી એમ.એસ. ભટ્ટ | જુનિ. આસી,. હિંમતનગર વ.ક. | રનર્સ અપ |

મેનેજિંગ ડિરેક્ટર શ્રી દ્વારા તેઓની વિજેતા ટ્રોફીઓ સ્વીકારીને પુષ્પગુચ્છ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. જેમાં શ્રી આશાબહેન ખાલપાડા, નાયબ ઈજનેર સાબરમતી સર્કલ કે જેઓએ ઓલઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી સ્પોર્ટ્સ કંટ્રોલબોર્ડ દ્વારા આયોજીત વિમેન સ્પોર્ટ્સની ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની ટીમના સભ્ય તરીકે આંધ્રપ્રદેશના નેલ્લોર ખાતે તૃતિય ક્રમે વિજેતા બની બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ, શ્રી યશેષ રાવલ જુનિયર એન્જિનિયર, વિભાગીય કચેરી રાધનપુર કે જેઓએ તાજેતરમાં સુરત ખાતે યોજાએલ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજીત ઇન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં પોતાની ટીમને રનર્સ અપ બનાવી કેપ્ટન તરીકે ટ્રોફી પ્રાપ્ત કરેલ, શ્રી વિક્રમ એચ. અસારી સહાયક સચિવ હિંમતનગર સર્કલ કે જેઓએ ચાલુ વર્ષે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના યજમાનપદે યોજાએલ ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં રનર્સ અપ બનીને કેપ્ટન તરીકે ટ્રોફી પ્રાપ્ત કરેલનો સમાવેશ થાય છે.

વિવિધ સ્પર્ધાઓ જેમ જેમ પૂર્ણ થતી ગઈ તેમ તેમ

**કંપનીના અધિકારીઓએ કંપની તરફથી યોજાયેલ સ્પોર્ટ્સ મીટને સફળ બનાવવા માટે ઉત્સાહપૂર્વક ભાગ લેવા બદલ દરેક રમતવીરોનું ઉત્સાહવર્ધન કર્યુ હતું અને દરેકને અભિનંદન પાઠવ્યા હતા**

તમામ કર્મચારીઓને સાથે રાખીને કોર્પોરેટ ઓફિસના નાયબ ઈજનેરશ્રી કમલભાઈ સિંધી દ્વારા ૧૫૦ જેટલા કર્મચારીઓની હાઉસી રમતનું આયોજન કરેલ જેમાં લકી વિજેતાઓને હાજર રહેલ મહાનુભવો દ્વારા ઇનામો આપવામાં આવેલ.

કાર્યક્રમના સમાપન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, શ્રી સી. એલ. શર્મા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી એ.સી. પટેલ મુખ્ય ઈજનેર (પીએન્ડપી), શ્રી એન.એમ. જોષી, કંપની સેક્રેટરી, શ્રી આર. એચ. પટેલ નાયબ મહાપ્રબંધક (એચઆર) ઉપસ્થિત રહેલ અને ચેમ્પિયન તથા રનર્સ અપ ખેલાડીઓને ટ્રોફીઓ તથા તમામ ખેલાડીઓને

**ટેબલ ટેનિસ પરિણામ (બહેનો - ડબલ્સ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી એમ.એસ. ભટ્ટ | જુનિ. આસિ., વ.ક. હિંમતનગર | ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી એન.બી. પટેલ | જુનિ. ઈજનેર | ચેમ્પિયન |
| ૩. | શ્રીમતી સી.એચ. મોદી | સિનિ. આસિ. વિ.કા. પાલનપુર | રનર્સ અપ |
| ૪. | શ્રીમતી પી.બી. સુથાર | સિનિ. આસિ. વિ.કા. પાલનપુર | રનર્સ અપ |

**કેરમ પરિણામ (ભાઈઓ - સીંગલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી એ.પી. પટેલ | સહાયક સચિવ રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી કે.એન. રાવલ | સ્ટેનો, સાબરમતી સર્કલ | રનર-અપ |

**કેરમ પરિણામ (ભાઈઓ- ડબલ્સ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી એમ.એમ. સૈયદ | સિનિ. આસી, પે.વિ.ક. પાલનપુર | ચેમ્પિયન |
| ૨, | શ્રી જી.એસ. વોરા | સિનિ. આસી પે.વિ.ક. થરાદ | ચેમ્પિયન |
| ૩. | શ્રી એન.કે. નિનમા | જુનિ. આસી પે.વિ.ક. ઈડર | રનર્સ અપ |
| ૪. | શ્રી આર.એમ. મહેતા | જુનિ. આસી પે.વિ.ક. ઈડર | રનર્સ અપ |

**કેરમ પરિણામ (બહેનો - સીંગલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ડી.એન. દવે | સિનિ. આસી પે.વિ.ક. ચાંદખેડા | ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી પી.કે. પરમાર | જુનિ. આસી વિ.કા. તલોદ | રનર-અપ |

**કેરમ પરિણામ (બહેનો - ડબલ્સ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | કુમારી એન.આર. પરમાર | જુનિ.આસી. પે.વિ.ક. સિદ્ધપુર | ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી એચ.એ. ચાવડા | પટાવાળા, શ. પે.વિ.ક. પાલનપુર | ચેમ્પિયન |
| ૩. | શ્રીમતી એમ.બી. પટેલ | નાયબ ઈજનેર વિ.ક. ગાંધીનગર | રનર્સ અપ |
| ૪. | શ્રીમતી ડી.એન. દવે | સિનિ. આસી પે.વિ.ક. ચાંદખેડા | રનર્સ અપ |

**બેડમિન્ટન પરિણામ (ભાઈઓ - સીંગલ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી કમલ સીન્ધી | નાયબ ઈજનેર રજી.કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી એન.શ્રીવાસ્તવ | મેનેજીંગ ડીરેકટરશ્રી રજી.કચેરી મહેસાણા | રનર-અપ |

**બેડમિન્ટન પરિણામ (ભાઈઓ - ડબલ્સ)**

| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧. | શ્રી એન. શ્રીવાસ્તવ | મેનેજિંગ ડિરેકટરશ્રી રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી કમલ સીન્ધી | નાયબ ઈજનેર રજી. કચેરી મહેસાણા | ચેમ્પિયન |
| ૩. | શ્રી જે.એચ. બોરીસાગર | જુનિ. ઈજનેર શ.પે.વિ.ક. વીરમગામ | રનર્સ અપ |
| ૪, | શ્રી બી.પી.બુચ | કાર્યપાલક ઈજનેર ગાંધીનગર વિ.કા. | રનર્સ અપ |

| બેડમિન્ટન પરિણામ (બહેનો - સીંગલ) | | | |
|---|---|---|---|
| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
| ૧. | શ્રીમતી ડી.જે. રાવલ | સિનિ. આસી વિ.કા. ગાંધીનગર | ચેમ્પિયન |
| ૨. | જલ્પા મીસ્ત્રી | જુનિ. આસી. ચિલોડા, પે.વિ.ક. | રનર-અપ |

| બેડમિન્ટન પરિણામ (બહેનો - ડબલ્સ) | | | |
|---|---|---|---|
| અ.નં | કર્મચારીનુ નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
| ૧. | શ્રીમતી ડી.જે. રાવલ | સિનિ. આસી વિ.ક. ગાંધીનગર | ચેમ્પિયન |
| ૨. | જલ્પા મીસ્ત્રી | જુનિયર આસી. ચિલોડા, પે.વિ.ક. | ચેમ્પિયન |
| ૩. | ટી.એલ. પાટડીયા | જુનિયર આસિ. વ.ક. હિંમતનગર | રનર્સ અપ |
| ૪. | આર.એમ. જયસ્વાલ | જુનિ. ઈજનેર શ.પે.વિ.ક. હિંમતનગર | રનર્સ અપ |

| ૧૦૦ મીટર દોડ પરિણામ (ભાઇઓ) | | | |
|---|---|---|---|
| અ.નં | કર્મચારીનું નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
| ૧. | શ્રી એમ.કે. પટેલ | જુનિ. આસી પે.વિ.ક. ડીસા | ચેમ્પિયન |
| ૨. | શ્રી એ.આર. પરમાર | હેલ્પર | રનર અપ |

| ૪૦૦ મીટર દોડનુ પરિણામ (ભાઇઓ) | | | |
|---|---|---|---|
| અ.નં | કર્મચારીનું નામ | હોદ્દો અને કામગીરીનું સ્થળ | પરિણામ |
| ૧. | શ્રી જે.એલ. પઢીયાર | જુનિ. આસી પે.વિ.ક. ડીસા | ચેમ્પિયન |
| ૨. | શ્રી કે.એસ. ગામેતી | હેલ્પર શ.પે.વિ.ક. હિંમતનગર | રનર અપ |

| સ્પોર્ટ્સ મીટમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ ટીમના ખેલાડીઓનાં નામની યાદી | | | |
|---|---|---|---|
| વર્તુળ કચેરી- મહેસાણા | | | |
| અ.નં | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
| ૧. | શ્રી આર.એન. પરમાર | જુનિ. આઈ.ઓ. (કેપ્ટન) | વ.ક. મહેસાણા |
| ૨. | શ્રી એચ.એમ. ઓઝા | જુનિ. ઈજનેર | વ.ક. મહેસાણા |
| ૩. | શ્રી એચ.જે. મિશ્રા | મીટર ઈન્સ્પેકટર | વ.ક. મહેસાણા |
| ૪. | શ્રી એસ.જી. પ્રજાપતિ | જુનિ. ઈજનેર | વિ.કા. મહેસાણા |
| ૫. | શ્રી પી.પી. પ્રજાપતિ | હેલ્પર | પે.વિ.ક. ઈન્ડ્ર મહેસાણા |
| ૬. | શ્રી એ.વી. પટેલ | જુનિ. આસિ. | પે.વિ.ક. ઈન્ડ્ર મહેસાણા |
| ૭. | શ્રી વાય.ડી. જેઠવા | જુનિ. આસિ. | ગ્રામ્ય પે.વિ.ક. માણસા |
| ૮. | શ્રી ડી.એ. ચૌહાણ | જુનિ. આસી | ગ્રામ્ય પે.વિ.કા. જોટાણા |
| ૯. | શ્રી એચ.એ. બારોટ | જુનિ. આસી | ગ્રામ્ય પે.વિ.ક. માણસા |
| ૧૦. | શ્રી સી.આર. પટેલ | જુનિ. આસી | શહેર પે.વિ.ક. વિસનગર |
| ૧૧. | શ્રી એચ.સી. પઢીયાર | હેલ્પર | પે.વિ.ક. ઈન્ડ્ર મહેસાણા |
| ૧૨. | શ્રી જે.એસ. પટેલ | જુનિ. ઈજનેર | પે.વિ.ક. ગોજારીયા |
| ૧૩. | શ્રી સી.એમ. ચૌહાણ | જુનિ. આસી | ગ્રામ્ય પે.વિ.ક. ચાણસ્મા |
| ૧૪. | શ્રી આઈ.જે. ગામેતી | હેલ્પર | ગ્રામ્ય પે.વિ.ક. સતલાસણા |
| ૧૫. | શ્રી એ.એન. ચાવડા | જુનિ. આસી | ગ્રામ્ય પે.વિ.ક. ચાણસ્મા |
| ૧૬. | શ્રી એન.એમ. વ્યાસ | જુનિ. ઈજનેર | વિ.કા. વિજાપુર |

સર્ટિફિકેટ એનાયત કરેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે બેડમિન્ટનની ટુર્નામેન્ટમાં સિંગલમાં રનર અપ તથા બેટમિન્ટનની ડબલ્સમાં ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરેલ. જેની ટ્રોફી તેઓને અર્પણ કરવામાં આવેલ ત્યારે હોલમાં ઉપસ્થિત તમામ કર્મચારીઓએ તેઓને તાળીઓના ગડગડાટથી ઊભા થઈને વધાવી લીધેલ. કાર્યક્રમના અંતમાં પ્રાસંગિક પ્રવચનમાં શ્રી આર. એચ. પટેલે સફળતા પૂર્વક રમવા બદલ તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ. શ્રી એ.સી. પટેલે પ્રસંગિક પ્રવચનમાં જણાવેલ કે સ્પોર્ટ્સમીટનો કાર્યક્રમ ખૂબ જ સફળતા પૂર્વક યોજાયો તે કંપની માટે અભૂતપૂર્વ ઘટના કહી શકાય. શ્રી સી.એલ. શર્માએ જણાવેલ કે કાર્યક્રમ જે રીતે યોજાયો તેનાથી તેઓ ખૂબ જ અભિભૂત થયેલ છે.

